# જામનગર મહાનગરપાલિકા હસ્તકની આવાસ યોજનામાં તૈયાર આવાસ મેળવવાની સોનેરી તક

- જામનગર મહાનગરપાલિકા હસ્તકની આવાસ યોજનામાં ફક્ત બાકી રહેલ જૂજ ફ્લેટ વ્યાજબી કિંમતમાં મેળવવા અરજી માંગવામાં આવે છે.
- અરજી કરવા માટેની પાત્રતા
  1. ૧) પોતાના નામે કે કુટુંબના અન્ય સભ્યોના નામે માલિકી નું મકાન,રહેણાંક હેતુની જમીન કે પ્લોટ ના હોવા જોઈએ.
  2. ૨) નીચેના ટેબલમાં દર્શાવ્યા મુજબની આવક મર્યાદા હોવી જોઈએ.
  3. 3) મહાનગરપાલિકા કે જાડા હસ્તકની આવાસ યોજનામાં મકાન ધરાવતા ના હોવા જોઈએ..
- અરજી ફોર્મ મેળવવા તથા પરત કરવાનું સ્થળ- HDFC બેંક, પાર્ક કોલોની, જોગર્સ પાર્ક સામે ,જામનગર
- અરજી ફોર્મ વિતરણ તથા પરત મેળવવાની તારીખ ૧૫ / 03 /૨૦૨૧ થી ૧૫ / 0૪ /૨૦૨૧
- નીચે દર્શાવ્યા મુજબ વિગતે રેડી પઝેશનમાં આવાસ મેળવવા અરજી ફોર્મ ભરવાનું રહેશે.

| યોજનાનું નામ (૧) | આવાસનો પ્રકાર (૨) | યોજનાનું સ્થળ (3) | આવાસની કીમત (૪) | મેઈન્ટેનન્સ ડીપોઝીટ (૫) | અરજી સાથે ભરવાની રકમ (૬) | વાર્ષિક આવક મર્યાદા (૭) |
|---|---|---|---|---|---|---|
| રેડી પઝેશન આવાસ યોજના | | | | | | |
| મુખ્યમંત્રી ગૃહ યોજના | EWS પ્રકારના (૧ બેડરૂમ હોલ કિચન) | મયુરનગર મેઈન રોડ,ટી.પી સ્કીમ નં ૧,એફ.પી-નં-૨૮/પૈકી,વામ્બે આવાસની બાજુમાં,જામનગર | રૂ.3.00 લાખ | રૂ.30000/- | રૂ.૭૫૦૦/- | રૂ.૧.00 લાખ સુધી |
| મુખ્યમંત્રી ગૃહ યોજના | LIG-1 પ્રકારના (૧ બેડરૂમ હોલ કિચન) | એમ.પી શાહ ઉદ્યોગનગર પાછળ રે.સ.નં ૨૦૬/૧ પૈકી,જામનગર | રૂ.૭.૫૦ લાખ | રૂ.3૫000/- | રૂ.૨0000/- | રૂ. ૧.00 લાખ થી ૨.૫ લાખ સુધી |
| પ્રધાનમંત્રી આવાસ યોજના | EWS-૧ પ્રકારના (૧ બેડરૂમ હોલ કિચન) | ટી.પી સ્કીમ નં 3A,એફ.પી નં ૭૧,હાપા,રવિ પેટ્રોલ પંપ પાછળ,જામનગર | રૂ.3.00 લાખ | રૂ.30000/- | રૂ.૭૫૦૦/- | રૂ.3.00 લાખ સુધી |

Scanned with CamScanner

- ઉપરની વિગતે અલગ-અલગ આવાસ યોજનામાં પીવાના પાણી, લાઈટીંગ, ભૂર્ગભ ગટર નેટવર્ક,આંતરિક રસ્તાઓ ,ગાર્ડન,ચિલ્ડ્રન પ્લે એરિયા,ઓટોમેટીક લીફ્ટ તેમજ ફાયર સેફટી સુવિધા સાથેના રહેવાં માટેના તૈયાર આવાસો માટે જ અરજીઓ ઉપલબ્ધ થશે તેનો કોમ્પ્યુટરાઈઝડ ડ્રો કરીને ધોરણસર મળવાપાત્ર લાભાર્થીઓને આવાસની ફાળવણી કરવામાં આવશે.
- અરજદાર અરજી ફોર્મ સાથે ભરેલ ડીપોઝીટ રકમ જો તે યોજનામાં ચાલુ રહેવા માંગતો ના હોય તો ડ્રો પહેલા પરત મેળવી શકશે.ડ્રો થયા પછી સફળ અરજદાર જો રીફંડની માંગણી કરે તો અરજી ફોર્મ સાથે ભરેલ ડીપોઝીટ ની રકમ જપ્ત કરી હપ્તા પેટેની ભરેલી રકમમાંથી નિયમોનુસાર પેનલ્ટી વસુલ બાકી રહેતી રકમ માંગણી કર્યેથી પરત કરવામાં આવશે.આ રકમ ઉપર વ્યાજ ચુકવવામાં આવશે નહી.
- આવાસ માટેની વેંચાણ કિંમત તેમજ મેઈન્ટેનન્સ ડીપોઝીટ સહિત ની પુરેપુરી રકમ ભરપાઈ કરી આપનાર લાભાર્થીને ફલેટનો કબજો તરત જ સોપી આપવામાં આવશે.
- સદરહુ જાહેરાત મહાનગરપાલિકાની વેબસાઈટ WWW.MCJAMNAGAR.COM પર પણ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.
- અરજી ફોર્મમાં દર્શાવેલ તમામ વિગતો કાળજીપૂર્વક વાંચીને ભરવાની રહશે.
- અરજી ફોર્મ ભરવા માટે તેમજ અન્ય કોઈપણ માર્ગદર્શન માટે જરૂર જણાયે હાઉસિંગ સેલ શાખા ચોથો માળ,જામનગર મહાનગરપાલિકામાં ઓફીસ અવર્સ દરમ્યાન રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

સીટી એન્જીનીયર
જામનગર મહાનગર પાલિકા

પ્રતિ,
તંત્રીશ્રી,
.........................................................
જામનગર

ઉપરોક્ત પ્રેસનોટ જામનગર શહેરના વધુમાં વધુ ફેલાવો ધરાવતા ચાર મહત્વના સ્થાનિક દૈનિક સાંધ્ય વર્તમાનપત્રમાં વિનામૂલ્યે પ્રેસનોટ તરીકે પ્રસિદ્ધ કરવા વિનંતી.

પી.આર.ઓ
જામનગર મહાનગર પાલિકા

Scanned with CamScanner